સને-૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક આયોજન હેઠળ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને રાજયના (૭૫:૨૫%) હિસ્સાની વિભાગ-૧ હેઠળની નવી યોજનાઓનો અમલ કરવાની મંજુરી બાબત...

# જાહેરનામું નંબર ૫૬૫ /૨૦૧૬

આથી સંબધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, તા. ૮/૧૦/૨૦૧૬ ના રોજ નવસારી ખાતે મળેલ સંચાલક મંડળની છત્રીસમી બેઠકની કાર્યનોંધના ના મુદ્દા નં. ૩૬.૦૫ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના આયોજન હેઠળ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને રાજયના (૭૫:૨૫ %) હિસ્સાની ચાલુ નાણાંકીય વર્ષ સને - ૨૦૧૬-૧૭ના વિભાગ-૧ હેઠળની નવી કુલ ૧૫ યોજનાઓમાં કુલ ૧૪ નવી જગ્યાઓના મહેકમ સહિત રૂા. ૪૦.૦૦ લાખની અંદાજપત્રીય જોગવાઇ સાથે રાજય સરકારશ્રી ધ્વારા મંજુરી મળતા નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અમલ કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

વધુમાં બાકી રહેતી કુલ ૧૬ જગ્યાઓ પૈકી વર્ગ-૪ (પગાર ધોરણ રૂા. ૪૪૪૦-૭૪૪૦) ની બે જગ્યાઓ આઉટ સોર્સીંગથી અને ૧૪ જગ્યાઓની ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જ રાજય સરકાર ધ્વારા તાત્કાલીક મંજુર કરવા આથી ભલામણ કરવામાં આવે છે."

જા.નં. સંનિ./આયોજન/નવીયો/બજેટ/૨૦૧૬-૧૭/ ૪૩૭૩૬-૮૫ /૨૦૧૬
તા. ૨૬/૧૦/૨૦૧૬

સંશોધન નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ સવિનય રવાના: પ્રતિ,

૧. સંચાલક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ
૨. ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) સચિવાલય, ગાંધીનગર
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૪. તમામ કોલેજનાં આચાર્યશ્રીઓ તરફ.
૫. તમામ યુનિટ /હેડ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

નકલ રવાના, પ્રતિ,

૧. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. કુલસચિવશ્રીના રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. વિભાગની બોર્ડ ઓફ મેનેજમેન્ટ શાખા તરફ.
૪. જાહેરનામાની ફાઇલ